દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૫૯ વર્ષ
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સોમવાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧

વેક્સિનેશન જ કોરોના મહામારીને પકડાકરવાનો એક માત્ર ઉપાય

વેક્સિનેશનની અસરકારકતા અંગેના માત્ર સુરતના જ આંકડા લઇએ તો શહેરમાં વેક્સિનેશનના 8 માસમાં કુલ 32.73 લાખ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ મુકાવી દીધો છે. તેમજ 14.62 લાખ લોકોએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે. પરંતુ જેમણે બંને રસી લઇ લીધી હોય તેવા લોકો પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. પરંતુ તે રેશિયો ખૂબ ઓછો છે. તેમજ કોરોનાથી ઝપેટમાં આવ્યા બાદ હોસ્પિટલાઈઝ થવાનો રેશિયો ઘણો ઓછો છે. વેક્સિન લીધા બાદ કોરોના થતો નથી એવું નથી. પરંતુ જો વેક્સિન લઈ લીધી હોય તો કોરોના જીવલેણ બનતો નથી. કારણ કે, શહેરમાં વેક્સિન લેનારાઓના એકપણ કોવિડ દર્દીના આજદિન સુધી મોત થયાં નથી. જે રીતે પહેલી અને બીજી લહેરમાં કોરોનામાં લોકો મોતને ભેંટયા હતાં તે ખૂબ જ ગંભીર બાબત હતી. ખાસ કરીને બીજી લહેરમાં તો હોસ્પિટલમાં બેડ ખૂટી પડ્યા હતા, સ્મશાનમાં લાકડાઓ ખૂટી પડ્યાં હતાં, કોરોનાના દર્દીઓને હોસ્પિટલમાં ખસેડવા માટે એમ્બ્યુલન્સ ખૂટી પડી હતી. અને ઓક્સિજન માટે તો સોનાથી લદાયેલી ટ્રકો હોય તેવી સુરક્ષામાં તેનું વહન કરવું પડતું હતું. તેનું કારણ એ જ હતું કે, જે લોકો ગંભીર અવસ્થામાં પહોંચ્યા અથવા તો મોતને ભેંટ્યા તેમણે કોરોનાની વેક્સિન લીધી ન હતી. આ તો વાત થઇ સુરતની પરંતુ સમગ્ર વિશ્વની વાત કરીએ તો દુનિયાભરમાં ચાલતા રસીકરણ અભિયાનનું વિશ્લેષણ કરતા એ સમજી શકાયું છે કે રસી ઘણી પ્રભાવી છે. કોરોના વાયરસના નવા વેરિયન્ટ આવ્યા છતાં રસીની અસરકારકતા ટકી રહી છે અને ખાસ કરીને કોરોના વાયરસથી પ્રભાવિત વ્યક્તિઓમાં ગંભીર રૂપથી બીમાર થવા અને હોસ્પિટલમાં દાખલ થવા અથવા આઈસીયુમાં દાખલ થવા અને મૃત્યુની શક્યતાઓને ઘટાડવામાં મદદ મળી છે. આ શાનદાર પરિણામને કારણે એવી ધારણા બંધાઈ રહી છે કે હાલની પરિસ્થિતિમાંથી બહાર નીકળવામાં રસી જ જાહેરઆરોગ્યનું આધારભૂત સાધન અને રસીની પાછળનું વિજ્ઞાન જ આ ઉપલબ્ધિ માટે બચાવની એક રીત છે. મહામારીના વિશ્લેષણનું માળખું અને જાહેરઆરોગ્યની અવધારણામાં ઊંડાણનો અભાવ છે. મહામારીની પાછળનું મૂળ સમજવામાં રહેલી ખામીથી પણ આ વાત ઉજાગર થાય છે. વિશ્લેષણ કરતી વખતે આપણે માત્ર આરોગ્યનાં પાસાંઓને જ ધ્યાનમાં ન લેવાં જોઈએ. જો સંક્રામક રોગોનો ઇતિહાસ જોઈએ તો એ વાતાવરણમાં આપણી આજુબાજુ જીવાણુઓ વગર જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે. છેલ્લાં 30 વર્ષમાં સંક્રામક રોગોનો આપણે વારંવાર સામનો કરવો પડ્યો છે, આ દરમિયાન રોગચાળા વ્યાપક રીતે જોવા મળ્યા છે. આનો અર્થ એ થયો કે વૈશ્વિક સ્તરે જોઈએ તો કેન્સર અને હૃદયની બીમારીઓને કારણે મૃત્યુનું પ્રમાણ વધારે છે, પરંતુ નવા સંક્રામક રોગ જે મહામારીમાં પરિવર્તિત થઈ શકે, એવા રોગોની શક્યતા વચ્ચે આપણે જીવીએ છીએ. આ પ્રકારના રોગચાળા પશુઓમાંથી મનુષ્યમાં પ્રવેશ કરતા જીવાણુઓને કારણે ફેલાય છે. આપણે હજી એ નથી સમજી શકતા કે વારંવાર રોગચાળા ફેલાવા પાછળ શું કારણ છે અને તેની સમાજ પર શું અસર પડે છે. આનાથી નવા સંક્રામક રોગોના રિસર્ચના કેન્દ્રમાં ઇકોસિસ્ટમને થયેલા નુકસાન અને પશુઓની સાથે વધી રહેલી ક્રિયાપ્રતિક્રિયાને મૂકવામાં આવ્યા છે. હવાઈયાત્રાનો વ્યાપ વધતા દુનિયાના એક ખૂણે પશુમાંથી મનુષ્યમાં જીવાણુના પ્રવેશની ઘટનાથી સંક્રમણ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝડપથી ફેલાય છે. સંક્રમણ જેટલી ઝડપથી ફેલાય છે તેટલી ઝડપી જાહેર આરોગ્યસેવાઓની વ્યવસ્થા નથી હોતી. આ ઉપરાંત અવરજવરનાં કેટલાંક મોડલની પર્યાવરણ પર અસર થાય છે જે જૈવવિવિધતાના સંતુલનમાં પરિવર્તન માટે કારણભૂત બની શકે છે. કોરોનાની પ્રથમ લહેર પૂરી થઈ પછી સર્વેલન્સ સિસ્ટમને આધારે એ સામે આવ્યું કે સંક્રમણનો ખતરો સામાજિક માળખામાં ઉપરથી નીચે આવીએ તેમતેમ વધતો ગયો, કારણ કે એવી નોકરીઓ જ્યાં કાર્યસ્થળની પરિસ્થિતિ બહુ સારી ન હોય અને શારીરિક રૂપે હાજર રહેવાની જરૂર હોય અથવા રહેઠાણ એવું હોય કે જ્યાં આઇસોલેશન મુશ્કેલ હોય, ત્યાં સંક્રમણનો ખતરો વધી જાય છે. કોરોનાના રંગરૂપ બદલાતા જાય છે તેમ તેમ તેની આક્રમકતા વધતી જાય છે અને તે ખૂબ જ ઝડપથી શરીરના જુદા જુદા અંગો પર માઠી અસર કરે છે. પરંતુ જો વેક્સિન લીધી હોય તે વ્યક્તિનું એન્ટિબોડી ડેવલપ થઇ ચૂક્યું હોય છે. જેના કારણે આવી વ્યક્તિઓ પર કોરોનાની અસર થતી નથી. જો તે કોરોના સંક્રમીત થાય તો પણ તેને ગંભીર અસર થતી નથી અને હોસ્પિટલ સુધી જવું પડતું નથી. જો હોસ્પિટલ જવું પડે તો પણ ઓક્સિજન કે વેન્ટિલેટર સુધી પહોંચવાની સ્થિતિનું નિર્માણ થતું નથી. આ જ કારણ છે કે, કોરોનાની વેક્સિનના બંને ડોઝ લીધા હોય તેવી એક પણ વ્યક્તિનું સુરતમાં મોત નિપજ્યું નથી. આખા વિશ્વના તજજ્ઞો પણ આ જ મત આપી રહ્યાં છે. તે તમામનું કહેવું છે કે, વેક્સિનના બંને ડોઝ લીધા હોય તેમને કોરોનાનું નવુ વર્ઝન જે ડેલ્ટા વેરિયેન્ટ તરીકે ઓળખાઇ છે તે માઠી અસર કરી શકતું નથી. ભારતની સર્વોચ્ચ મેડિકલ સંસ્થા એઇમ્સના ડાયરેક્ટર ગુલેરિયાએ પણ હાલમાં જ એક નિવેદન કરીને જણાવ્યું હતું કે, કોરોના હવે મહામારી રહી નથી. તેનું કારણ એ છે કે ભારતમાં હવે મોટા ભાગના લોકો વેક્સિનેટેડ છે અને તેના કારણે જ મોતનો દર પણ ઘટી ગયો છે.

અસલી સન્યાસી સરલાબહેનની આત્મકથાનો સંક્ષેપ

અક્ષરની આરાધના
સંપાદન : કિશોર વ્યાસ

ગાંધીવિચારથી આકર્ષિત થઈ જીવન સમગ્ર ભારતની ભૂમિ માટે ન્યોછાવર કરી દેનારી બે અંગ્રેજ બહેનોને ગાંધીજીએ પોતાની દીકરીઓથી પણ અધિક ગણી હતી.જેમાં મીરાંબહેન (મેડલીન સ્લેડ) નું નામ તો આપણે જાણીએ છીએ, પણ સરલાબહેને (કેથરીન મેરી હેઈલમેન,૧૯૦૧-૧૯૮૨)ભારત આવીને ગાંધીવિચારને સમર્પિત થઈ જે આજીવન સેવા અને ત્યાગની કેડી કંડારી એ વિશે આપણી મોટા ભાગની પ્રજા કશું જ જાણતી નથી.આપણી ભાષાના ખ્યાત વિવેચક,સંપાદક અને અનુવાદક શરીફા વીજળીવાળાએ એમની આત્મકથા ‘વ્યાવહારિક વેદાન્ત’ના થયેલા અંગ્રેજી અનુવાદનો સંક્ષેપ આપવાનું પુણ્યકાર્ય કર્યું છે.એ મહત્ત્વનું એટલા માટે લાગે કે પરદેશની સુખસાહ્યબી છોડીને તળમાં રાતદહાડો જોયા વિના આપણી પ્રજા માટે પાયાના કામ કરવા તેઓ મથતાં રહ્યા છે.હિન્દી,મરાઠી,કન્નડ જેવી ભારતીય ભાષાઓને શીખી છે ને કોઈ દેશપ્રેમીને શરમાવે એવો લગાવ એમણે આ દેશ માટે દાખવ્યો હતો તોયે એવો પણ સમય હતો કે સરલાબહેનને પરદેશી ગણીને કેટલાક વિસ્તારોમાં જવા-આવવાની પરવાનગી બહુ મોડેથી સ્વતંત્ર ભારતમાં પ્રાપ્ત થઈ! નાજુક તબિયત અને ભારતની ઋતુઓએ પણ એમની આકરી કસોટી કરી હતી.આરોગ્યની એ પરીક્ષાઓ વચ્ચે પણ એમણે એવા અનેક પ્રદેશોમાં કામ કરવાનું સ્વીકાર્યું અને પાર પાડ્યું હતું.એમનું મુખ્ય કાર્ય ભલે દેશના ઉત્તર ભાગે રહ્યું,તે છતાં વિનોબાજીના ભૂદાનયજ્ઞની યાત્રાઓ હોય કે ચંબલનાં બાગીઓનું આત્મસમર્પણ હોય,એક જગાએથી બીજી જગાએ તેઓ સતત ફરતા રહીને પ્રજાજાગૃતિનું કામ કરતાં રહ્યા.એમના એક ટીકાકાર બ્રહ્મચારી તો એમને એમ કહેતા કે:‘તને શરમ આવવી જોઈએ.વિલાયતી જિલ્લાધીશને કેટલું ખરાબ લાગતું હશે કે એના જિલ્લામાં એક ગોરી ઓરત સિવાય બધા એની વાત માને છે !’એ બ્રહ્મચારીએ સરલાબહેનને ‘અસલી સન્યાસી’ લેખે ઓળખાવ્યાં છે એ યથાર્થ છે.આ સંક્ષેપમાં પૂર્વ પ્રતિના એમના તીવ્ર આકર્ષણની,ભારતમાં આવવાની વાત ઘણી રસપ્રદ રીતિએ કહેવાઈ છે.સત્યાગ્રહ,યંત્રયુગમાં મિલની સામે રેંટિયો,મીઠા પરના કરનો વિરોધ જેવા કાર્યક્રમોમાં સત્યાગ્રહીઓ પર વરસતી લાઠીઓથી એક સત્યાગ્રહી નીચે ઢળી પડતો કે બીજો એની જગા પર કોઈ પ્રતિકાર વિના ઊભો રહી જતો જોઈને તેઓ ખ્રિસ્તી નથી એવા દેશમાં જાણે કે ઈસુનો આત્મા પુન:જાગ્રત થયો છે એવું અનુભવતા હતા. ગાંધીજીના સ્નેહપાત્ર બનેલા સરલાબહેનનાં આ સંસ્મરણોમાં ગાંધીજી સાથેની મુલાકાત અને ગાંધીવિચારોનો ઊંડો પ્રભાવ કેવો પ્રજાસમસ્ત પર પડી રહ્યો હતો એનું માર્મિક આલેખન કરે છે.પણ એ પછી ગાંધીજીનો ભાગ્યે જ ઉલ્લેખ છે.એમના હાથમાં જે સ્ત્રી સશક્તિકરણ,દારૂબંધી,પ્રકૃતિ સંરક્ષણ,ગ્રામોદ્યોગ જેવાં સંખ્યાબંધ કામો આવી પડ્યાં એની સફળતા-નિષ્ફળતાનું બયાન કેન્દ્રમાં રહે છે.સમર્પણશીલ કાર્યકર્તાઓના ઉલ્લેખો જે થયા છે એ દર્શાવે છે કે તેઓ આ ભૂમિ સાથે કેવા તો ઓતપ્રોત બની ગયેલા !કૃપાલાની દંપતી,સરહદના ગાંધી,કસ્તૂરબા કે સરોજીની નાયડુ જેવા રાષ્ટ્રભક્તોના ઉલ્લેખો તો બહુ ટૂંકા છે પણ સરલાબહેનની કામગીરી સાથે સાંપ્રત પરિસ્થિતિ,વિચારમંથનોની વિશેષ વાતોથી અનુવાદકે આ ઊર્જાસભર ચરિત્રને આપણી સમક્ષ જીવંત કરી આપ્યું છે.સેવાગ્રામના અનુભવો આલેખતી વેળાએ બાળક બબુનીના અકાળ મરણની ઘટના સરલાબહેનનાં સૂક્ષ્મ સંવેદનની ઝાંખી કરાવે છે.હિન્દી અને અંગ્રેજી ભાષામાં બાવીસ જેટલાં પુસ્તકો આપનાર આત્મકથા લેખિકાએ તો એ છતાં એમ જ કહ્યું છે કે ‘હું લેખિકા નથી.’આત્મકથા લેખનની બાબતે પણ તેઓ પૂરતા સ્પષ્ટ છે.આ સંસ્મરણોનું લખાણ બહુર્મુખી વિશેષ છે એમ જાતે કહીને એમાં રહેલી પુનરુક્તિ અને ત્રૂટકછૂટક ઘટનાના દોષનો તેઓ સ્વીકાર કરે છે એમાં એમની નમ્રતા જ આગળ તરી આવતી દેખાય છે.તબિયત માટે સરકારી ખર્ચે સારવાર કરાવવા પ્રધાનમંત્રીના દિલ્હી આવવાના આમંત્રણનો નકાર હોય કે પદ્મશ્રી જેવા એવોર્ડ માટેની પ્રતિક્રિયામાં પણ એ નમ્રતાને પામી શકાય એમ છે.જેમણે સઘળું છોડ્યું છે એને શાની ઝંખના હોય?ગાંધીજી,વિનોબા જેવા મહામાનવોથી માંડીને સામાન્ય ખેડૂતો અને અભણ સ્ત્રીઓ સાથે આત્મીયતા કેળવતાં ગયેલાં સરલાબહેનની કાર્યનિષ્ઠા વાચકનું મસ્તક નમાવે એવી છે.


ગાંધીની કેડીએ
સરલાબહેનની આત્મકથાનો સંક્ષેપ
અનુવાદ : શરીફા વીજળીવાળા

આ સંક્ષેપમાં સરલાબહેનની ઉદ્યોગો,આર્થિક બાજુઓ,દારૂ જેવાં પ્રસરતાં દૂષણો અને પર્યાવરણ પ્રતિ જે ચિંતા પ્રગટ થઈ છે એ આજના સમયે પણ એટલી જ અસરકારક લાગે છે.કોઈ પણ વિચારને સ્પષ્ટતાથી રજૂ કરવો,એના સારાસારનું આકલન કરવું એ એમની સ્વભાવગત વિશેષતાનાં દર્શન પણ પાનેપાને થાય છે.ભારત છોડો ચળવળ વખતે બે વાર જેલમાં ગયેલા સરલાબહેન જેવા વ્યક્તિવિશેષો બતાવે છે કે ભારતના પુન:નિર્માણ માટે ભોગ આપીને તેઓ પાયાના પથ્થરો બની રહ્યા.આઝાદી બાદ,આટઆટલી સ્વતંત્રતા પછી આપણે શું કર્યું?આપણે શું ચૂકી ગયા? એનો સંકેત અહીં મળશે.

આઝાદી આંદોલન,બુનિયાદી કેળવણી અને રચનાત્મક કાર્યક્રમોમાં ખૂંપી જનારા આવા વિરલ વ્યક્તિત્વનાં જીવનકાર્યને પામવા આ પુસ્તકમાંથી પસાર થવું રહ્યું.

ગાંધીની કેડીએ-અનુ.શરીફા વીજળીવાળા, સરલાબહેન ની આત્મકથાનો અનુવાદ, યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧, પ્ર.આ.૨૦૨૧, ડેમી, પૃ.૧૦૪, કિં. રૂ.૭૦.

પ્રિન્સુ અને પરીની બાળવાર્તાઓ

પ્રિન્સુ અને પરી
કેતન પી. જોષી

કેતન પી.જોષીના આ પહેલા બાળવાર્તાસંગ્રહમાં ઘણી શક્યતાનું નિદર્શન છે.સંગ્રહમાં સત્તાવીસ જેટલી વાર્તાઓનો અંક વાચકને કદાચ આશ્ચર્યમાં મૂકે પરંતુ આ બાળવાર્તાઓ બે પાનામાં સમાઈ જાય એવડી જ છે.સેવા,નિયમિતતા અને શિક્ષણ પ્રતિ બાળકનું ધ્યાન દોરાય,એ સંસ્કારી બની રહે એમાં આ સર્જકને ઊંડો રસ છે.શિક્ષક જીવ એમાં કામ કરી જાય છે.આથી સીધો જ બોધ કે ઉપદેશ આપવા સુધી વાર્તા ખેંચાય છે.એને તેઓ ક્રમશ: ઓગાળતા જશે એવી આશા આ વાર્તાઓ જોઈને બંધાય છે.સર્જક પાસે બાળકોને રસ પડે એવી ઘટનાઓ,સંવાદો અને ક્રિયા છે.પ્રિન્સુ અને પરીમાં પ્રિન્સુને દાદીમા વાર્તા સંભળાવી શકતાં નથી કેમકે તેઓ માંદા પડ્યા છે.પરી પ્રિન્સુને કહે છે કે એ ખૂબ ઝડપથી ત્યારે જ સાજાં થશે જ્યારે પ્રિન્સુ દાદીમાની વાતોને સાંભળે,સુંદર મજાનાં ગીતો ગાય.વગેરે..પણ માંદગીનો આ ખરો ઉપાય નથી.મીઠાઈભોગી ચકો-ચકીને બદલે ખેતરના ચણ વિશેષ પ્રિય ખરા કે ? જો કે એ બંને રોજ મીઠાઈ મેળવવા દુકાનદારને કેવી રીતે રાજી કરે છે એમાં બાળકોને રસ જાગશે.વરસાદી દેડકો એક મજાની વાર્તા છે.સૂકાયેલા તળાવમાં વરસાદી વાદળોને દેડકો ખેંચી લાવતો દેખાય છે.એમાં દેડકાભાઈની ચિંતા,ઊંડા તળાવમાં ભાઈબંધો સાથે પાણીમાં ધીંગામસ્તી કરવાની ઈચ્છા અને વાદળાભાઈ સાથેનો સંવાદ આકર્ષક રીતે મુકાયા છે.પરીક્ષાનો ડર,મોન્ટુ અને મદારી જેવી વાર્તાઓમાં સીધો બોધ કે વિગતલક્ષી માહિતી છે.શાકાહારી વાઘ વાર્તા પણ બાળકોને આનંદ આપે એવી છે.સતત જંગલનાં પશુ-પ્રાણીઓના શિકાર કર્યે રાખતા વાઘને પ્રાણીઓ પાઠ ભણાવી શાકાહારી કઈ રીતે બનાવે છે એની વાતમાં શિક્ષણ પણ જાણ્યેઅજાણ્યે ભળી જાય છે.મિત્રો,પરિવારના પાત્રસંવાદ,શાળા કે જંગલનું ઘટક સર્જકે વાર્તા માટે પસંદ કર્યું છે.જંગલનાં પશુ-પ્રાણીઓનો તેમ સદ્ગુણોનો પ્રસાર વાર્તા થકી કરવાને કારણે બાળકોને પ્રકૃતિનાં અન્ય તત્ત્વોને સમજવાની અહીં તક પ્રાપ્ત થાય છે.ઘટનાઓનું નાવીન્ય આ વાર્તાઓનો વિશેષ છે.પદ્યના પ્રયોગો જ્યાં જ્યાં પણ થયા છે એ લયની દ્રષ્ટિએ સંમાર્જન માગે છે.બાળમાનસના જ્ઞાતા એવા સર્જકે એ દિશાની નોંધપાત્ર વાર્તાઓ આપીને બાળસાહિત્યમાં સાધિકાર પ્રવેશ મેળવ્યો છે.

પ્રિન્સુ અને પરી-કેતન પી.જોષી, બાળવાર્તાઓ, પ્રકા.પોતે ૫૦, અવધ રેસીડન્સી, ચિતલ રોડ, અમરેલી, ૩૬૫૬૦૧, પ્ર.આ.૨૦૨૧, ડેમી, પૃ.૬૪, કિં.રૂ.૯૦.

કંઠસમૃદ્ધિનો વારસો



રમેશ ચૌધરી લોકવિદ્યાના ઊંડા અભ્યાસી છે.આ ક્ષેત્રમાં જે સાચવી લેવા જેવું છે એના પરના સૂક્ષ્મ અભ્યાસ આપવા તેમ આ દિશાના સાહિત્યની પ્રબળ ચિંતા અને ખેવના તેઓ દાખવતાં રહ્યા છે.કાળબળે બદલાયેલાં લોકને કારણે આપણી લોકવારસા અને સમૃદ્ધિ તરફ ઉપેક્ષા એટલી બધી છે કે આપણે શું ગુમાવી રહ્યા છીએ એનો પણ કોઈ અંદાજ નથી.આવા સંજોગોમાં ઉત્તર ગુજરાતનાં વઢિયાર પંથકના ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતોનું સંશોધન-સંપાદન કરીને એ કંઠસમૃદ્ધિના વારસાને અંકે કરવાનું મહત્વનું કામ રમેશ ચૌધરીએ કર્યું છે.આ સાહિત્ય જો સચવાશે તો તેમાં રહેલી સાહિત્યિકતાનો નિર્ણય આ ક્ષેત્રના જાણકારો ભલે કરતાં પણ એ સઘળું ભૂંસાઈ જાય એ પહેલાં એનું દસ્તાવેજીકરણ કરવાનું પ્રયોજન આ અભ્યાસના મૂળમાં રહેલું છે.સંશોધકે આ તમામ ગીતો ક્ષેત્રકાર્ય દ્વારા જાતે સાંભળીને મૂક્યા છે.ગીતોનો લય,ઢાળ,પ્રાસ,બોલ જેમ ગવાય છે તેમ જ રાખવાનો પ્રયાસ કર્યો છે.વિધિવિધાનોનાં ગીતો મૂકતી વેળાએ એ વિધિઓની સમજ આપી છે.જેમકે પાંસબલું જમવું એટલે શું? એ અન્ય પ્રદેશના લોકને અજાણ્યું લાગે.જાન જવાની હોય ત્યારે વરરાજા તૈયાર થઈ તેના અણવર અને બીજા પાંચ-સાત મિત્રો ભેગા મળીને ઘરની સ્ત્રીઓએ વહેલી સવારે બનાવેલ ઘી ની સુખડી,પુરી,કુલેર અને ચોખા જમે છે એને પાંસબલું કહે છે.જૂના વખતમાં જાન બળદગાડામાં જતી.લાંબા પંથમાં વરરાજાને તેમ અણવરને ભૂખ ન લાગે તેથી આ પરંપરા ઊભી થઈ હશે એવી સંપાદકની વિગતે નોંધ આવાં ગીતો, વિધિવિધાનો લોકસંસ્કૃતિને પ્રગટ કરી આપનાર બને છે.સંશોધકે ગીતોમાં પ્રચલિત પ્રાદેશિક ભાષાના શબ્દોને પાદટીપમાં મૂક્યા છે.આ પુસ્તકમાં કંકોતરીથી માંડીને વરકન્યાનાં વધામણાં સુધીના વિવિધ પ્રસંગે ગવાતા અલ્પપ્રચલિત ગીતોને નોંધવાની સંશોધક દ્રષ્ટિ પણ ધ્યાનપાત્ર બને.આ ગીતો ઉત્તર ગુજરાતનાં રીતરિવાજ,જ્ઞાતિગત લગ્નગત ખાસિયતને દર્શાવી આપે છે.પુસ્તકમાં ‘પ્રદેશ,જાતિ,જ્ઞાતિ,સંસ્કૃતિ પરિચાયક : લગ્નગીત સંચય’જેવો હસુ યાજ્ઞિકની પચીસ પાનમાં પ્રસ્તાવનારૂપ જે અભ્યાસ લેખ પ્રાપ્ત થયો છે એ પુસ્તકની ગુણસમૃદ્ધિમાં વધારો કરનારો છે.

ક્ષેત્રકાર્ય કરવું,માહિતીદાતાઓ પાસેથી માહિતી મેળવીને એના રાગ,ઢાળને પણ સાચવી લેવા એ સહેલું કામ નથી એ અભ્યાસીઓ બરાબર જાણે છે.આ પુસ્તક આપણી કંઠસમૃદ્ધિના વારસાને સાચવી લેવાના કામ સાથે અન્ય અભ્યાસીઓને પણ પ્રેરકતા આપે એવું છે.

સીતાને તોરણ રામે પધાર્યા-સંશો.સંપા-રમેશ ચૌધરી, ઉત્તર ગુજરાતનાં વઢિયાર પંથકના ચૌધરી સમાજમાં ગવાતાં લગ્નગીતો, પ્રકા.પાર્શ્વ પબ્લિકેશન્સ, ૧૦૫, નંદનકોમ્પ્લેક્સ, નટરાજ સિનેમા, રેલવે ક્રોસિંગ સામે, મીઠાખળી ગામ, અમદાવાદ, ૩૮૦ ૦૦૬, પ્ર.આ.૨૦૨૦, ડેમી, પૃ.૧૬૦, કિં.રૂ.૧૯૦.

‘બનારસ ડાયરી’ માટે હરીશ મીનાશ્રુ અને ‘પરિતપ્ત લંકેશ્વરી’ના અનુવાદ માટે કાશ્યપી મહાને અકાદમી પુરસ્કાર અપાયા

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી દર વર્ષે જે તે ભાષાના સર્જક-વિવેચકને તેમની કોઇ કૃતિને કેન્દ્રમાં રાખી પુરસ્કાર અપાય છે એ જ રીતે અનુવાદ માટે પણ અપાય છે. આ વર્ષે ‘હરીશ મિનાશ્રુને તેમના કાવ્ય સંગ્રહ ‘બનારસ ડાયરી’ માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. તો એ જ રીતે હિન્દીમાં 2015 માં સ્વ. મૃદુલા સિંહાએ લંકાપતિ રાવણની પત્ની સતી મંદોદરીને કેન્દ્રમાં રાખી આત્મકથાનક નવલકથા લખી હતી. ‘પરિતપ્ત લંકેશ્વરી’ નામની એ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ કાશ્યપી મહાતે કર્યો છે. આ અનુવાદ માટે કાશ્યપી મહાતેને અકાદમીનો અનુવાદ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. 18 સપ્ટેમ્બર 2021 ના રોજ રવીન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ચંદ્રશેખર કમ્બારે જેમ હરીશ મીનાશ્રુ તેમ ‘કાશ્યપી મહાતેને પણ પુરસ્કારથી સન્માન્યા હતા. ઉત્તમ અનુવાદિત કૃતિની ગુજરાતી ભાષાની ચયન સમિતિમાં પ્રા. સંજય શ્રીપાદ ભાવે, ડો. વર્ષા દાસ અને શ્રી નિરંજન રાજયગુરુએ સેવા આપી હતી.

કાગળની કુંજગલીમાં

નવાં પુસ્તકો



‘શિક્ષકની સિગ્નેચર’ જેવો નિબંધસંગ્રહ આપી ચૂકેલા સર્જકના આ બીજા સંગ્રહને ‘ઋજુતા જગાવે તેવી વાતોનું વનરાવન’ જેવું ઉપશીર્ષક આપવામાં આવ્યું છે. અનુભૂતિને કવિતાઈ શૈલીએ પ્રગટ કરવાનો ને સંવેદનને એ સ્તરે વિહરવા દેવાનો યત્ન સર્જક અહીં કરતાં દેખાય છે.આપણે ત્યાં એક સમયે આવા નિબંધો લખનારની એક શ્રેણી ઊભી થયેલી.કાવ્યાત્મક શૈલીનો એ આયાસ અહીં પ્રગટ થતો દેખાય છે.વાચકવર્ગમાં વાતને સંવેદન રૂપે,કવિતાની અડોઅડ બેસતી શૈલીના નિબંધોનું એક સમયે ઘણું મહત્ત્વ રહેલું.‘લગભગ પ્રત્યેક પુસ્તકની ભીતર એક કુરુક્ષેત્ર કણસતું હોય છે’,શિક્ષકે કવિતાનો મર્મ પામવા કઠિયારો મટીને વનમાળીનો વેશ ધારણ કરવો પડે’,વેકેશનનો રવિવાર એટલે હોદ્દા વિનાનો અમલદાર’,‘કુમળા મને ભીંતનું ઉત્ખનન કરવામાં આવે તો ભીંતની ભીતર ભરેલું સંગીત સાંભળવા મળે’જેવી સતત આવતી જતી પંક્તિઓમાં આ ઋજુ સંવેદનોને ઝીલવાની મથામણ છે.શીર્ષકો પણ લીસાં,રૂઢ ભાવને કંઈક વિશેષ રૂપ આપવાનો પ્રયત્ન કરે છે.મેઘધનુષને મેકઅપ કરવાનું ટેન્ડર,પસ્તીના પેટાળમાં કણસતું કુરુક્ષેત્ર,શબરીના બોરનો શોરબકોર જેવાં આ શીર્ષકો જ નિબંધોની ગતિનો અણસાર આપી દે છે.નિબંધની વસ્તુસામગ્રીને પ્રગટ કરવા એમણે સંવાદોનો,અંગ્રેજી શબ્દપ્રયોગોનો ને નૂતન પ્રસંગો છૂટથી ઉપયોગમાં લીધા છે.કવિતા બનવા મથતા સંવેદનો પ્રત્યેક નિબંધોના આરંભે તેમ નિબંધોની વચ્ચે ઘણી જગા રોકતા દેખાય છે.બાળમજૂરી,પુસ્તકો,જેલમાં પૂરાયેલા કેદીઓ,પાળિયાકથાઓ જેવી વિગતો વાચકને વિશેષ સંવેદનધર્મ નિભાવવાનો સંકેત આપી રહે છે.આ સંગ્રહમાં મુકાયેલા ૩૦ નિબંધો ભાવ અને ભાષાને કારણે વાચકને ગમશે.

કાગળની કુંજગલીમાં-પારસકુમાર, નિબંધસંગ્રહ, યુતિ પબ્લિ.૨, સત્તાધાર ચેમ્બર, ચંદ્રપ્રકાશ હોલની સામે, ટોલનાકા, બાપુનગર, અમદાવાદ, ૩૮૦ ૦૨૪, પ્ર.આ. ૨૦૨૧, ડેમી, પૃ.૧૬૦, કિં.રૂ.૧૭૫.

ચર્ચાપત્રો

બદલાતી વ્યવસ્થામાં એકલા હો તોય કામ થઈ જાય

ઘણી વ્યકિતના મુખે એવું સાંભળવા મળ્યું હતું કે ‘જ્યાં પૈસો કામ આવે ત્યાં પૈસો જ કામ આવે અને જ્યાં માણસની જરૂર હોય ત્યાં માણસ જ જોઈએ ત્યાં પૈસો કામ નહીં આવે.’ પણ હવે તો એ પણ રહ્યું નથી. હમણાં જ અમારા એક સંબંધી કે જેઓ મુંબઈમાં રહે છે તેમના દ્વારા જાણવા મળ્યું તે હું અહીં જણાવું છું. એના સસરા મોટી ઉંમરના હતા તે બિમાર પડયા, તેમને હોસ્પિટલમાં દાખલ કરાવા પડયા. દિવસે દિવસે તેમની તબિયતમાં કોઈ સુધારો જણાયો નહીં છતાં ડોકટરની સારવાર તો ચાલુ જ હતી અને એક દિવસ તેઓ હોસ્પિટલમાં જ ગુજરી ગયા. ખરી વાત તો હવે શરૂ થાય છે. એના સસરા દેવલોક પામ્યા એટલે એમની ડેડ બોડીને ઘરે લઈ જવાની, પરંતુ એમની પાસે દોડાદોડી કરી શકે એવા માણસોની ખોટ હતી. એવા ઘણાં ગૃપ મુંબઈમાં કાર્યરત છે કે જેઓ સતત હોસ્પિટલના સંપર્કમાં રહે છે અને તેઓ પોતાનો કાર્ડ, ફોન નંબર હોસ્પિટલમાં આપી રાખે છે. જેથી લાગતાવળગતા જરૂરિયાતમંદો આવા ગૃપનો ફોન દ્વારા સંપર્ક કરી શકે. આથી આપણે આવા એક ગૃપને ફોન દ્વારા કરી તેઓ તરત જ હોસ્પિટલમાં આવી ગયા. અને આ લોકોને જણાવ્યું કે તમે જરા પણ અકળાશો નહીં. તમારી પાસે પૂરતા માણસો નથી તો અમે તમારા સસરાને હોસ્પિટલમાંથી ઘરે લઈ જવાની વ્યવસ્થા પણ કરીશું અને ઘરે લઈ જઈને એમને નવડાવી, કપડાં પહેરાવી, નનામી તૈયાર કરીને સ્મશાન સુધી પહોંચાડવાની જવાબદારી અમારી. જો તમારે સ્મશાનયાત્રામાં માણસોની જરૂર હોય તો તે પણ અમે લઈ આવીશું. તમારે ફક્ત અમારો જે ચાર્જ થાય તે આપવાનો રહેશે. એ ગૃપે બધું જ કામ સુપેરે પાર પાડયું. બોલો હવે માણસોની કે સગાંવહાલાંની જરૂર ખરી? પૈસા ખરચતાં બધું જ મળી રહે. આવું તો કયારેય સાંભળવામાં નહોતું આવ્યું પણ આ એક હકીકત છે. આવા ગૃપ પણ છે.

સુરત — શીલા એસ. ભટ્ટ

કોણ મહાન? વ્યકિત કે પાર્ટી...!

ગુજરાતના મુખ્યમંત્રી બાદ સમગ્ર પ્રધાન મંડળને બદલીને નવા નિશાળીયાઓના હાથમાં ગુજરાતનું ભાવિ સોંપીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના રાજકીય વિશ્લેષકોને અચંબામાં નાખી દીધા છે. આ માટે વડાપ્રધાન મોદીજી અને ગૃહમંત્રીશ્રી અમિત શાહને અભિનંદન આપવા જ પડે. રાજકીય પાર્ટીના નામે દીકરા - દીકરી - જમાઈઓને રાજકારણમાં ઉતારી આજીવન પોતાનો દબદબો જાળવી રાખનારા નેતાઓ માટે આ મોટો બોધપાઠ છે. મોદીજીએ એક જ ઝાટકે મંત્રીઓને કાર્યકરો અને કાર્યકરોને મંત્રીઓ બનાવીને મોટો જુગાર ખેલ્યો છે. પરંતુ આ બધામાં નેતાઓ (ભૂતપૂર્વ મંત્રીઓ) અને તેમના સગા-વહાલા અને ટેકેદારોને સિવાય કોઈ દુ:ખો નથી. આમ જનતામાં ખુશીની લહેર ફરી વળી છે. વહીવટના કહેવાતા ઠેકેદારો ભલે બળવો કરે. તેઓ ભલે સમાજમાં ભાગલાવાદી રાજકારણ રમે, હવે ગુજરાતના યુવા રાજકારણીઓને પણ વહીવટની તક મળી શકે છે એ પૂરવાર થયું છે. આથી યુવાવર્ગ ભાજપની નીતિથી આકર્ષિત થશે. સાચે જ, ભાજપે સાબિત કરી બતાવ્યું કે વ્યકિત નહીં, પાર્ટી મહાન છે!

ગણદેવી — રમેશ કે. પટેલ

શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતું તર્પણ: શ્રાદ્ધ

અત્યારે શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે. ભાદરવા વદ એકમથી ભાદરવા વદ અમાસ સુધી શ્રાદ્ધપક્ષ હોય છે. પિતૃઓની મરણતિથિ પ્રમાણે શ્રાદ્ધ કરવું. તિથિ મુજબ શ્રાધ્ધ ન થયું હોય તો અંતમાં સર્વપિતૃશ્રાદ્ધ અમાસના દિવસે કરવાથી પિતૃઓને શાંતિ મળે છે. મનુષ્યને માથે ત્રણ ઋણ છે. પિતૃઋણ, દેવઋણ, ઋષિઋણ. આજના સમયમાં કાગડા અને બ્રાહ્મણોને જમાડવાથી તે પિતૃઓને પહોંચે છે. આમ, શ્રાદ્ધ પક્ષમાં શ્રદ્ધા અને કાગડાનું ખૂબ મહત્ત્વ છે. આપણાં પૂર્વજો કાગડાના માધ્યમથી ઋણ સ્વીકાર કરે છે. આમ, તો આંગણાંની ગંદકી સાફ કરનારું પક્ષી કાગડો કોઈને ગમતો નથી તેના કર્કશ અવાજ અને દેખાવને કારણે! કાગડો અગાશી પર બેસી કા-કા કરે તો કોઈ મહેમાન આવે એવી લોકવાયકા છે કે બારીએ બેસીને બોલે કાગડો અને ટપાલી બારણે કાગળ બતાવે. ઘણાં વર્ષો પછી બારીએ કાગડો આવ્યો અને કહી ગયો કે ‘હવે કોઈ આવનાર નથી.’

સુરત — વૈશાલી જી. શાહ

ત્રીજી લહેરની રાહે નાનાં બાળકોને નુકસાન

શિક્ષણ ક્ષેત્રે ઘણી મોટી ખોટ આ કોરોના કાળ દરમિયાન વર્તાય છે અને એ છે બાળકોની ઘટતી જતી માનસિક સમજશક્તિ, બાળકના મગજ ઓનલાઈન એજ્યુકેશનના એકધારા પ્રવાહથી નબળાં પડવા લાગ્યાં છે. બાળકોની સમજશક્તિ સંકુચિત અને ધીમી પડી રહી છે. સાથે સાથે લખવાની ક્ષમતા પણ ઓછી થઈ છે. ધોરણ 6 થી 8 ની શાળાઓ હાલ શરૂ છે ત્યારે શિક્ષકો આ બાબતનો અનુભવ કરી જ રહ્યા છે. બાળકની શીખવાની ક્ષમતા અને ગ્રહણશક્તિ કેટલી નબળી પડી ગઈ છે. જો મોટાં બાળકોની આ હાલત હોય તો કોરી સ્લેટ જેવાં બિચારાં કુમળાં ફુલ એકડીયા-બગડીયા બાળકોની શું હાલત હશે? જે બાળકે શાળાના પટાંગણને કયારેય જોયું જ નથી, પોતાના વર્ગખંડ અને શિક્ષક કેવા હશે એનો જેમને ખ્યાલ જ નથી એવાં બાળકો પણ પાસ થઈને બે વર્ષનો મોટો કૂદકો લગાવી આગળના ધોરણમાં તો પહોંચી જવાનાં! પરંતુ વિચારો તો ખરા કે એમની આ પાયાની ખોટ એમની શિક્ષણ લાઈફ સુધી સાલશે. જેમનો પાયો જ કાચો હશે એમની ઈમારત કેવી રીતે ટકી શકે? તો હવે કોરોનાની ત્રીજી લહેરની રાહ જોઈને બેસી રહેલી સરકારે વહેલી તકે જાગી ધોરણ 1 થી 5 ની શાળાઓ પણ શરૂ કરી દેવી જોઈએ. શિક્ષણજગતને રાજરમત ન બનાવાય એ વિચારવું જોઈએ. હાલમાં નાનાં બાળકો બધી જ જગ્યાએ હરતાંફરતાં ન હશે? માતા-પિતા સાથે ભીડભાડવાળી જગ્યાએ પણ ન જતાં હશે? અને જો હા તો પછી શાળાએ શા માટે નહીં? તો હવે છેલ્લા દોઢ વર્ષથી ઘરની ચાર દિવાલોમાં શિક્ષણ લઈને સડી રહેલા નાનકડા મગજમાં વધુ ગંદકી જમા ન થાય તે પહેલાં શાળાઓ જલ્દી શરૂ કરવાનો નિર્ણય લેવાવો જોઈએ.

અમરોલી — પાયલ વી. પટેલ

કોરોનાનો વિશ્વવ્યાપી સર્વે

યુ.કે.ના નિષ્ણાતો દ્વારા ભારત સહિત દુનિયા ભરતી હોસ્પિટલોમાં કરવામાં આવેલા એક વિશ્વવ્યાપી કોરોના આરોગ્ય અભ્યાસને ગિનેસ વર્લ્ડ રેકોર્ડનું ટાઈટલ આપવામાં આવેલ છે. વિશ્વના આ સૌથી વિશાળ વૈજ્ઞાનિક સદકાર્યમાં 116 દેશોના વિક્રમ એવા 140000 દર્દીઓ અને 15025 વૈજ્ઞાનીકોએ ભાગ લીધો હતો.કોરોના વિશેની સમજણનો આ આરોગ્યનો વિશ્વવ્યાપી સર્વે કો-લીડ ઓથર ભારતીય મૂળના સર્જન કેવી રીતે કરી શકાય અને તેની અસર દર્દી પર કેવી રીતે ઘટાડી શકાય તે સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેનાથી ઘાતક કોરોના વિશેની આપણી સમજણને સુધારવાનો પ્રયાસ કરવામાં આવેલ હતો.વિશ્વ વ્યાપી આરોગ્યના આ સર્વેમાં આપણા દેશની 56 હોસ્પિટલોમાં અને વિશ્વની 1667 હોસ્પિટલોમાં આ અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો. યુ.કે. સરકારની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ હેલ્થ રીસર્ચ દ્વારા આ અભ્યાસ માટે ભંડોળ પુરૂ પાડવામાં આવેલ હતું. અને આ અભ્યાસ બ્રિટીશ જર્નલ ઓફ સર્જરીમાં પ્રકાશિત કરવામાં આવેલ હતો. આ વિશ્વવ્યાપી નોંધપાત્ર કાર્ય ચીનની વિશ્વને આપેલ ઘાતક કોરોનાના ભેટ સામેનો પ્રત્યુતર જ ગણી શકાય જે સાબિત કરે છે કે વિશ્વમાં જેવી રીતે ચીન સંસ્થા જેવા સારા પરિબળો પણ છે જે સામાજીક જાગૃતિ નિર્માણ કરે છે અને તેથી આ સંસ્થાને ગિનેસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયુ તે આવકાર્ય જ ગણી શકાય. આ સંસ્થાએ ભવિષ્યમાં આવા વિશ્વવ્યાપી આરોગ્યના ઉપકારક કાર્યો કરતા રહેવાની પણ વિશ્વના હિતમાં હવે જરૂરી બનેલ છે.

અમદાવાદ — પ્રવિણ રાઠોડ